**(૩) પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, નિર્ગ્રંથરૂપ બાહ્ય ચારિત્રાચાર છે.**

**(૪) અનશનાદિ બાર ભેદરૂપ બાહ્ય તપશ્ચરણાચાર છે.**

**(૫) બાહ્ય સ્વશક્તિને ન ગોપવવારૂપ બાહ્ય વીર્યાચાર છે.**

**આ વ્યવહાર પંચાચાર પરંપરાએ મોક્ષના સાધક છે. વિશુદ્ધ જ્ઞાન, વિશુદ્ધ દર્શન જેનો સ્વભાવ છે એવા શુદ્ધ આત્મતત્ત્વના સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્અનુષ્ઠાન તથા બાહ્યદ્રવ્યની ઈચ્છાની નિવૃત્તિરૂપ તપશ્ચરણ, સ્વશક્તિને ન ગોપવવારૂપ વીર્ય-એ રૂપ અભેદ પંચાચારાત્મક શુદ્ધોપયોગભાવનામાં અન્તર્ભૂત એવી વીતરાગનિર્વિકલ્પસમાધિને જેઓ સ્વયં આચરે છે અને અન્યોને આચરાવે છે તેઓ આચાર્યો છે, તેમને હું નમસ્કાર કરું છું.**

**પંચાસ્તિકાય, છ દ્રવ્ય, સાત તત્ત્વ, નવ પદાર્થો છે, તેમાં શુદ્ધ જીવાસ્તિકાય, શુદ્ધ જીવદ્રવ્ય, શુદ્ધ જીવતત્ત્વ, શુદ્ધ જીવપદાર્થ એવા સંજ્ઞાધારક સ્વશુદ્ધાત્મભાવ (સ્વશુદ્ધાત્મપદાર્થ) ઉપાદેય છે, તેનાથી જે અન્ય છે તે હેય છે, એવો ઉપદેશ જેઓ કરે છે અને શુદ્ધ આત્મસ્વભાવનાં સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્આચરણરૂપ અભેદ રત્નત્રયાત્મક નિશ્ચય મોક્ષમાર્ગને જેઓ કહે છે તેઓ ઉપાધ્યાયો છે, તેમને હું વંદન કરું છું.**

**શુદ્ધ, બુદ્ધ જેનો એક સ્વભાવ છે એવા શુદ્ધ આત્મતત્ત્વના સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યક્આચરણ, તપશ્ચરણરૂપ અભેદ ચતુર્વિધ નિશ્ચય-આરાધનાત્મક વીતરાગ-નિર્વિકલ્પસમાધિને જેઓ સાધે છે તેઓ સાધુ છે. તેમને હું વંદન કરું છું.**

**અહીં જે વીતરાગનિર્વિકલ્પસમાધિને તેઓ (આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ) આચરે છે, કહે છે અને સાધે છે તે જ વીતરાગનિર્વિકલ્પસમાધિ ઉપાદેયભૂત સ્વશુદ્ધાત્મતત્ત્વની સાધક હોવાથી ઉપાદેય જાણો એવો ભાવાર્થ છે. ૭.**

---

## વીર સંવત ૨૫૦૨, જેઠ સુદ ૧૪, શુક્રવાર
## તા. ૧૧-૦૬-૧૯૭૬, ગાથા-૭, પ્રવચન નં. ૬

સાતમી ગાથા. 'પરમાત્મપ્રકાશ'

**૭) जे परमप्पु णियंति मुणि परम-समाहि धरेवि।**
**परमाणंदह कारणिण तिण्णि वि ते वि णवेवि।।७।।**

**અન્વયાર્થ :- 'આગે ભેદાભેદરત્નત્રયકે આરાધક...'** નિશ્ચયરત્નત્રય અને વ્યવહારરત્નત્રય, બેયનો આરાધક. છે ને? નિશ્ચયને આરાધે છે ત્યાં વ્યવહાર છે. એને પણ આરાધવાનો ઉપચાર આવે છે. છે ને ઈ વસ્તુ? નિશ્ચયરત્નત્રય છે ત્યાં વ્યવહારરત્નત્રય પૂર્ણ કેવળજ્ઞાની ન હોય એને હોય. કેવળજ્ઞાન થયું એને વ્યવહાર ન હોય, મિથ્યાદૃષ્ટિને વ્યવહાર ન હોય. કેવળી

પૂર્ણ વીતરાગ થઈ ગયા એટલે વ્યવહાર નથી. અને મિથ્યાદષ્ટિને નિશ્ચય નથી એટલે વ્યવહાર નથી. આમ વસ્તુનું સ્વરૂપ છે. આમાં આવશે. પરંપરા વ્યવહાર. એ તકરાર આવી છે ને કાલે? વ્યવહારને પરંપરા મોક્ષનું કારણ કહ્યું. કોને પણ? એ આવશે, હમણાં જ આવશે.

‘**ભેદાભેદરત્નત્રયકે આરાધક...**’ જેણે વર્તમાનમાં નિશ્ચય સમ્યગ્દર્શન, આનંદના નાથને અંદરમાં પૂર્ણાનંદ સ્વરૂપ પ્રભુ, એની (લીનતા) એટલે શાંતિ દ્વારા જેને નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ થયું છે, એ સમ્યક્ નિશ્ચય છે એ વીતરાગી પર્યાય છે અને આત્માનું સ્વસંવેદનજ્ઞાન પૂર્ણાનંદ પ્રભુ, એનું સ્વ નામ પોતાનું, સં નામ પ્રત્યક્ષ જ્ઞાનનું વેદન (થયું છે) એ નિશ્ચય સમ્યગ્જ્ઞાન છે. એ નિશ્ચયરત્નત્રય માહ્યલો એ ભાગ છે. અને સ્વરૂપમાં સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત સ્વરૂપનું આરાધન કરીને અંદરમાં ઠરવું. આનંદમાં સ્થિરતા, અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન સમ્યગ્દર્શન-જ્ઞાનમાં પ્રતીત અને જાણવામાં આવ્યો, પછી એમાં ઠરવું. આનંદનસ્વરૂપ ભગવાનમાં ઠરવું એ ચારિત્ર. એ નિશ્ચયચારિત્ર. એટલે અભેદરત્નત્રય એને કહ્યું. એની જોડે વ્યવહારરત્નત્રયનો વિકલ્પ હોય છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ રાગ, શાસ્ત્રનું જ્ઞાન રાગવાળું અને પંચમહાવ્રતના પરિણામ આદિ રાગ, એને વ્યવહારરત્નત્રય કહે છે. પણ નિશ્ચય હોય એને.

અત્યારે તકરાર એ છે ને? વ્યવહારરત્નત્રય પરંપરાએ મોક્ષનું કારણ (છે). એટલે પછી નિશ્ચય વિનાનો વ્યવહાર (મોક્ષનું કારણ છે). એ વાત છે જ નહિ. એવો વ્યવહાર તો નવમી ગ્રૈવેયકે (ગયો એ પહેલાં) અનંતવાર કર્યો. એ વ્યવહાર વ્યવહાર તરીકે આરાધવા યોગ્ય નથી. આહાહા..! જેને આત્મદર્શન નિર્વિકલ્પ સ્વરૂપ ભગવાનઆત્મા, એની જેને વીતરાગી પર્યાય, વીતરાગસ્વરૂપ ભગવાન, જિનસ્વરૂપી પ્રભુ, એની શ્રદ્ધા, વીતરાગી પર્યાય, નિર્વિકલ્પ દશા, એવી શ્રદ્ધા જેને પ્રગટી છે એ નિશ્ચય, એને વ્યવહારનો વિકલ્પ હોય છે. સમજાણું કાંઈ? આ અર્થો કરવામાં વાંધા, પક્ષમાં વાંધા આખા. આહાહા..! શું થાય?

નિશ્ચયથી તો વ્યવહારરત્નત્રય તે હેય છે. પણ અહીંયાં સાથે લઈને બેયનું પ્રમાણજ્ઞાન કરાવ્યું છે. એટલે? નિશ્ચય સ્વભાવના અભેદરત્નત્રય એ સાક્ષાત્ મોક્ષનું કારણ. એમ કહેશે. સાક્ષાત્ શબ્દ છે. અને એમાં વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે, છે તો વિકલ્પ, પણ એ પરંપરા મોક્ષનું (કારણ છે). એટલે કે સમ્યગ્દષ્ટિને એ હેય છે પણ આવ્યા વિના રહેતો નથી. તેથી વ્યવહારરત્નત્રયનો વિકલ્પ આરાધવા યોગ્ય છે એમ વ્યવહારથી કહ્યું છે. સમજાણું કાંઈ? આવી વાત છે. આ પહેલો આનો અર્થ થયો. ‘**ભેદાભેદરત્નત્રયકે આરાધક...**’ આ એની વ્યાખ્યા છે, આટલા શબ્દની. આહાહા..! પહેલો ભેદ લીધો છે. આહાહા..!

મુમુક્ષુ :- પહેલા વ્યવહાર હોય છે ને?

ઉત્તર :- હોય છે નહિ, સાથે હોય છે. ભાષા લીધી છે ને. નહિતર શું છે. ‘દ્રવ્યસંગ્રહ’ની ૪૭ ગાથામાં નથી? ૪૭. ‘**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।**’ બે પ્રકારનો જે નિશ્ચય અને વ્યવહાર મોક્ષમાર્ગ, એ ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. એટલે કે સ્વભાવ જે ભગવાનઆત્મા અનંત જ્ઞાન-દર્શન-આનંદની શક્તિવાળું જે તત્ત્વ પ્રભુ, એની

અંતર્મુખ થઈને, ધ્યાનમાં લઈને જે સમ્યગ્દર્શન થાય એ નિશ્ચય. જોડે રાગ બાકી રહે છે એને વ્યવહાર મોક્ષમાર્ગનો આરોપ આપ્યો છે. ૪૭ ગાથા. આવી વાત છે, ભાઈ! ખેંચતાણ કરે તો કાંઈ તત્ત્વ તો છે ઈ રહેશે. આહાહા..!

આગળ કહેશે કે ત્રિકાળ જે ભૂતાર્થ છે, ભૂતાર્થ શબ્દ છે ને? એ અહીં ટીકામાં ભૂતાર્થ લીધો છે. અર્થમાં સત્ય લીધું છે. ભૂતાર્થ એવો ભગવાનઆત્મા. જે 'સમયસાર'ની ૧૧મી ગાથામાં '**भूदत्थमस्सिदो खलु**' (કહ્યું). ભગવાન પૂર્ણસ્વરૂપ આનંદનો નાથ સચ્ચિદાનંદ સ્વરૂપ પ્રભુ, એવો જે ભૂતાર્થ નામ સત્યાર્થ નામ સત્ય વસ્તુ મોજૂદ છે. આહાહા..! એનો આશ્રય લઈને શ્રદ્ધા થાય, એ સમ્યગ્દર્શન. એ નિશ્ચય. અને એ ભૂતાર્થને સત્ય કીધું છે. ત્રિકાળ વસ્તુ છે તે સત્ય છે. પર્યાયાદિ અભૂતાર્થ કહીને અસત્ય કીધી છે. આહાહા..! '**ववहारोऽभूदत्थो**' કીધું છે ને? પર્યાયમાત્ર અભૂતાર્થ (છે). અભૂતાર્થ કઈ રીતે? નિશ્ચયનું આરાધન કરવા પોતાનું પ્રયોજન-સમ્યગ્દર્શનની સિદ્ધિ કરવા સ્વનો આશ્રય લેવો, એમાં પર્યાયનો આશ્રય છોડવો છે. તેથી ગૌણ કરીને એને અભૂતાર્થ કહ્યો છે અને ત્રિકાળીને મુખ્ય કરીને ભૂતાર્થને સત્ય કહ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા એક સમયમાં ભૂતાર્થ વસ્તુ ત્રિકાળ, અનંત અનંત શક્તિના સામર્થ્યનું દળ, એ જ ભૂતાર્થ ને એ સત્ય છે. અને એ સત્યનો આશ્રય તે સમ્યગ્દર્શન છે. પછી પર્યાયને અભૂતાર્થ કીધી, પર્યાયને અભૂતાર્થ કીધી. વિકલ્પ તો અભૂતાર્થ છે. આહાહા..! ત્રિકાળી મુખ્યને નિશ્ચય કહી અને પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહ્યો છે, અભાવ કરીને વ્યવહાર કહ્યો નથી. આહાહા..! આવી વાત છે. નિશ્ચય અને વ્યવહાર એ અહીંયાં સાથે લીધું છે. ત્યાં જે મુખ્ય કરીને નિશ્ચય અને ગૌણ કરીને વ્યવહાર (કહ્યું), એને અહીંયાં પ્રમાણજ્ઞાન કરાવવા સાથે લીધું છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! અહીં આ પહેલા શબ્દનો અર્થ થાય છે.

'**ભેદાભેદરત્નત્રયકે આરાધક...**' એટલે પ્રમાણજ્ઞાનથી વાત કરી છે. અને જ્યાં ભૂતાર્થ તે સત્ય છે અને પર્યાય તે અભૂતાર્થ છે, તે નિશ્ચયની મુખ્યતાનો આશ્રય લેવા પર્યાયને અભૂતાર્થ ગૌણ કરીને કહી છે. પર્યાય નથી એમ નહિ. સમજાણું કાંઈ? હવે આટલું બધું શીખવું. આહાહા..! અરે..! જન્મ-મરણમાં દુઃખી ચોર્યાસીના અવતાર (કરીને). ભવભ્રમણનું ચક્ર માથે. અનંતા ભવો કર્યા. ભવસિંધુ-ચોર્યાસીના અવતારનો દરિયો મોટો. આહાહા..! એને ઓળંગવો છે ને. અહીંયાં ઓળંગવો છે ને હવે? ભાઈ! ચૈતન્યસિંધુ ભગવાન 'કહે વિચિક્ષણ પુરુષ સદા હું એક હું..' એક આવશે આમાં. શુદ્ધ-બુદ્ધ. આવે છે ને? શુદ્ધ-બુદ્ધ એક સ્વભાવ. એકનો અર્થ રહી ગયો છે. ઓલીકોર. ઓલીકોર જુઓ. શુદ્ધ જ્ઞાનસ્વભાવ છે ને? ત્રીજી લીટી છે. ઓલીકોર છે? ત્યાં એક શબ્દ રહી ગયો છે. શુદ્ધ જ્ઞાન એક સ્વભાવ એમ જોઈએ. શુદ્ધ બુદ્ધ એક સ્વભાવ. બધે ઠેકાણે આવે છે. પાઠમાં એમ છે, જુઓ! શુદ્ધ બુદ્ધ એક સ્વભાવ. છે? અંદરમાં છે. આહાહા..!

ત્રિકાળી શુદ્ધ જ્ઞાનસ્વરૂપ અને એક સ્વરૂપ. આ તો ધર્મ વાત છે. ઝીણી વાત (છે),

પ્રભુ! 'શ્રીમદ્'માં એમ કહ્યું ને?

**શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ,**
**બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.**

શુદ્ધ છે. એ પ્રભુ પવિત્ર છે. બુદ્ધ છે-જ્ઞાનઘન છે. ચૈતન્યઘન અસંખ્ય પ્રદેશી લઈ લીધો છે. અને અહીંયાં તો શુદ્ધ બુદ્ધ એક સ્વરૂપી છે, જેમાં પર્યાયનો ભેદ પણ નથી. આહાહા..! એવા સ્વભાવને સત્ય કહીને એનો આશ્રય લઈને જે સમ્યગ્દર્શન થાય તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. એ સત્યદર્શન છે. અને એમાં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિનો રાગ આવે એ છે તો અસત્ય દર્શન, પણ વ્યવહારથી સત્ય કહીને બેનું જ્ઞાન કરાવ્યું છે. અભેદરત્નત્રયની સાથે ભેદ, એમ પ્રમાણનું જ્ઞાન કરાવ્યું છે. આહાહા..!

નયચક્રમાં તો આવે છે ને કે પ્રમાણ પૂજ્ય નથી. નિશ્ચય પૂજ્ય છે. નયચક્રમાં આવે છે. કેમ? કે પ્રમાણમાં પર્યાયનો નિષેધ આવતો નથી અને નિશ્ચયમાં પર્યાયનો નિષેધ આવે છે. તેથી વસ્તુ ત્રિકાળ છે તે પૂજ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીંયાં બે ને સાથે બતાવ્યું છે. એટલે એ અર્થ કરવો છે જરી. ભેદાભેદ શબ્દ પડ્યો છે ને? એ સાથે પ્રમાણજ્ઞાન કરાવ્યું છે. સમજાણું કાંઈ? પાઠમાં તો બે છે જ નહિ. ગાથામાં તો એક જ છે. છે? '**ये मुनयः परमसमाधि धृत्वा परमात्मानं पश्यन्ति**' બસ! પાઠ તો આ છે. અને આ શબ્દો પણ ઓલા સંસ્કૃતના અર્થ કર્યા છે. શું કીધું સમજાણું?

મૂળ પાઠ છે ને એ તો પ્રાકૃત છે. એના અહીં શબ્દ નથી લીધા. એની છાયા છે ને નીચે? એનું આ લીધું છે. આ શબ્દાર્થમાં. નહિતર ઓલામાં '**णियंति**' છે. '**जे परमप्पु णियंति**' પણ છાયામાં '**परमात्मानं पश्यन्ति**' એટલે સંસ્કૃત છાયાના શબ્દાર્થ કર્યા છે. અન્વયાર્થ. સમજાણું કાંઈ? અહીં તો ફક્ત ભેદાભેદરત્નત્રયની વ્યાખ્યા ચાલે છે. ભેદ એવો જે વિકલ્પ છે, પણ કોને? કે જેને નિર્વિકલ્પ અભેદ રત્નત્રય પ્રગટ્યા છે તેને. તેને વ્યવહાર કહીને પ્રમાણનું જ્ઞાન કરાવવા ટીકાકારે ત્યાં બેયને આરાધક કહ્યા છે. સમજાય છે કાંઈ? મૂળ ગાથામાં તો એક જ વાત છે. આહાહા..! આવા જે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. આહાહા..!

મુમુક્ષુ :- કેવા આચાર્ય?

ઉત્તર :- આવા આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. એ તો 'દ્રવ્યસંગ્રહ' આદિમાં ઘણે ઠેકાણે આવે છે. ભેદાભેદરત્નત્રય આરાધક સાધુને આહાર-પાણી આપે છે ને? આહાર-પાણી. એ વખતે ભેદાભેદરત્નત્રય લીધા છે. ભાઈ! 'દ્રવ્યસંગ્રહ' છે ને? એમાં આખું પાનું જ ઉતાર્યું છે. છે એમાં ક્યાંક. ભેદાભેદરત્નત્રયના આરાધકને આહાર-પાણી આપે છે. આહાર-પાણી આપે છે ત્યારે તો વિકલ્પ છે. લે છે એટલે. અને તેને ભેદાભેદરત્નત્રયનો આરાધક કહ્યો છે. એટલે અભેદપણું ત્યાં છે. એમ. આહાર-પાણી લે છે એને અભેદ તો છે. આહાહા..! ત્યાં પાનું ઉતાર્યું છે, હોં! ઘણા બોલ ઉતાર્યા છે, 'દ્રવ્યસંગ્રહ'માંથી. 'પરમાત્મપ્રકાશ'માં છે.

અહીં તો ભેદાભેદ આવ્યું ને? પંડિતજી! ભેદાભેદ આવ્યું એટલે એ મુનિ છે એ આહાર

લે છે ત્યારે એ ભેદાભેદ રત્નત્રયનો આરાધક છે. એટલે કોઈ એમ કહે કે વિકલ્પ વખતે અભેદપણું નથી, એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાનઆત્મા એની જ્ઞાનની પર્યાયને અંતરમાં વાળતાં જે સત્યનો આશ્રય થયો, આશ્રયનો અર્થ અંદર વળ્યો છે ને, એથી એને નિશ્ચય સમ્યગ્દર્શન આનંદની પર્યાયના અનુભવ સહિત જે દશા થઈ એને નિશ્ચય સમ્યગ્દર્શન અભેદ કહે છે. એમ જ્ઞાન અંદરમાં સ્વસંવેદનજ્ઞાન થતાં આનંદનો સાથ લઈને જ્ઞાન થયું, એને નિશ્ચય સમ્યગ્જ્ઞાન એટલે નિશ્ચય અભેદરત્નત્રય અભેદ નિશ્ચય જ્ઞાન કહે છે. આહાહા..! અને નિશ્ચયસ્વરૂપ જે આનંદસ્વરૂપ ભગવાન, અતીન્દ્રિય આનંદનું દળ છે એ તો. આહાહા..! શક્કરિયાનું કહ્યું નહોતું? શક્કરિયું હોય છે ને? શું કહે છે? શક્કરકંદ. એ શક્કરિયું હોય છે ને શક્કરિયું? ઉપલી લાલ છાલ સિવાય એ શક્કરિયું છે. શક્કરકંદ એટલે સાકરની મીઠાશનો એ પિંડ છે. એક લાલ છાલને લક્ષમાં ન લે. આહાહા..!

મુમુક્ષુ :- આ પ્રમાણે?

ઉત્તર :- આ પ્રમાણે આત્મા. શક્કરકંદ નામ મીઠાશનો આનંદનો પિંડ છે. એને પુણ્ય-પાપના વિકલ્પની છાલ લક્ષમાં ન લ્યો તો.

અહીં તો ભેદનું જ્ઞાન કરાવ્યું છે. અભેદ ને ભેદ હોય છે ને? નિશ્ચય જ એકલું છે એવું નથી. વ્યવહાર છે ને? 'જહ જીણો મક્ષ્જન્તુ જહ' વ્યવહાર ન મૂકવાનો અર્થ? વ્યવહાર છે. એનો અર્થ એવો નથી કે વ્યવહાર આશ્રય કરવા લાયક છે કે એને આશ્રયે ધર્મ થાય. એમ નથી. સમજાણું કાંઈ? આ વિરોધ બહુ આવે એટલે વધારે સ્પષ્ટીકરણ થાય. રાત્રે કહ્યું હતું ને? આહાહા..! ભગવાન! માર્ગ તો આ છે, ભાઈ! કોઈના ઘરનો-કલ્પનાનો નથી. સ્વભાવના ઘરનો છે આ તો. આહાહા..!

મુમુક્ષુ :- મત છોડો ...

ઉત્તર :- છે એમ એનો અર્થ. નિશ્ચય છે અને વ્યવહાર પણ છે. પણ નિશ્ચય છે એ આશ્રય કરવા લાયક છે, વ્યવહાર છે એ જાણવા લાયક છે. એ વસ્તુ ૧૧ ને ૧૨. (સમયસાર) ૧૧-૧૨ ગાથા. વસ્તુ ચારે કોર મેળવાળી સંધિ છે.

અહીં '**ભેદાભેદરત્નત્રયકે આરાધક જો આચાર્ય, ઉપાધાય્ય ઔર સાધુ હૈં, ઉનકો મૈં નમસ્કાર કરતા હૂં.**' આહાહા..! 'યોગીન્દ્રદેવ' કહે છે આવાને હું નમસ્કાર કરું છું. પોતે મુનિ છે, આચાર્ય છે. છતાં આવા જે અભેદ સ્વરૂપ આનંદના નાથને આરાધે છે, વચમાં વિકલ્પ આવ્યો છે તેનું પ્રમાણજ્ઞાન કરાવવા આરાધે છે એમ કહેવામાં આવે છે. એવા '**જો મુનિ...**' પાઠમાં તો એક જ વાત આવશે. ટીકાકારે અંદરથી બે (અર્થ) કાઢ્યા છે.

'**પરમસમાધિકો ધારણ કરકે...**' આહાહા..! જે કોઈ મુનિ ધર્માત્મા આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ. ત્રણેયને મુનિ લઈને વાત કરી છે અહીંયાં. '**પરમસમાધિકો ધારણ કરકે સમ્યગ્જ્ઞાનકર...**' આહાહા..! અંતર જ્ઞાયકસ્વભાવ તો પરમસમાધિ એટલે એકાગ્રતા. વિકલ્પને પણ એક કોર દૂર કરી દઈને. કરી દઈને એ અહીં વાત નથી. પણ ભગવાન

નિર્વિકલ્પ ચૈતન્યદળ પ્રભુ છે, એનું સમાધિ દ્વારા સમ્યગ્જ્ઞાન કરીને, એમ કહ્યું છે. અંતર વીતરાગી પર્યાય દ્વારા સમ્યગ્જ્ઞાન કરીને. આહાહા..! આવો માર્ગ વીતરાગનો છે, ભાઈ! વસ્તુનું સ્વરૂપ જ આવું છે.

શું કહ્યું? **'પરમસમાધિકો 'ધૃત્વા' ધારણ કરકે સમ્યગ્જ્ઞાનકર પરમાત્માકો દેખતે હૈ.'** છે? પરમસમાધિ ધારી અંદરમાં આનંદસ્વરૂપ શુદ્ધ નિર્વિકલ્પ દશાને ધારણ કરી... આહાહા..! અને આ પરમાત્મા એટલે પોતે સ્વરૂપ ભગવાન, શુદ્ધ-બુદ્ધ ચૈતન્યઘન જે અખંડ પ્રભુ એને જે અનુભવે છે. પશ્યન્તિનો અર્થ અનુભવે છે. પાઠમાં નિયંતી છે. છાયામાં પશ્યન્તિ છે. અર્થમાં એને અનુભવે છે એમ છે. દેખે છે એટલે અનુભવે છે. આહાહા..!

**'કિસલિયે 'પરમાનંદસ્ય કારણેન' રાગાદિ વિકલ્પ રહિત પરમસમાધિસે ઉત્પન્ન હુએ...'** આહાહા..! **'પરમસુખકે રસકા અનુભવ કરનેકે લિયે...'** આહાહા..! રાગાદિ વિકલ્પ રહિત પરમસમાધિ. પરમઆનંદ. સમાધિ એટલે ઓલા બાવા કહે સમાધિ એ નહિ આ. લોગસ્સમાં પણ આવે છે નહિ 'સમાહિવરમુત્તમં દિંતુ.' એ સમાધિ આત્માનો આનંદ. આધિ, વ્યાધિ, ઉપાધિથી રહિત સમાધિ. આધિ નામ સંકલ્પ-વિકલ્પ, વ્યાધિ નામ શરીરની રોગ દશા, ઉપાધિ નામ સંયોગોનો સંબંધ. ઈ ત્રણથી રહિત. ઉપાધિ, વ્યાધિ અને આધિ રહિત તે સમાધિ. આહાહા..! અરે..! આવી વ્યાખ્યા બધી. આહાહા..! આ તો સર્વજ્ઞના ઘરમાં જાવું છે, બાપા! એ મારગડા કેવા છે! આહાહા..! અને સર્વજ્ઞ પ્રાપ્તિ માટેનો આમાં પંથ છે. સમજાણું કાંઈ? એટલે કે મોક્ષની પ્રાપ્તિ. સર્વજ્ઞપણું એટલે મોક્ષ. એની પ્રાપ્તિનો આ પંથ છે. આહાહા..!

એ પંથમાં કહે છે કે **'રાગાદિ વિકલ્પ રહિત પરમસમાધિસે ઉત્પન્ન હુએ...'** શાંતિ... શાંતિ.. શાંતિ... શાંતિ... આહાહા..! એનાથી **'ઉત્પન્ન હુએ પરમસુખકે રસકા અનુભવ...'** પરમ અતીન્દ્રિય આનંદના રસનો અનુભવ. આહાહા..! લ્યો! ઓલા રસગુલ્લા નથી આવતા તમારે દૂધના? આ આનંદના રસનો રસગુલ્લો આત્મા છે. પર્યાયની વાત છે, હોં! આ. પર્યાયમાં **'રાગાદિ વિકલ્પ રહિત પરમસમાધિસે ઉત્પન્ન...'** શાંતિ... શાંતિ.. શાંતિ... ત્રણ કષાયનો (અભાવ થયો છે). અહીં મુનિની વાત છે ને? ત્રણ કષાયના અભાવની સમાધિ. આહાહા..! એનાથી **'ઉત્પન્ન હુએ પરમસુખકે રસકા અનુભવ...'** પરમ આનંદના રસનું વેદન. આહાહા..! **'કરનેકે લિયે ઉન તીનોં આચાર્ય, ઉપાધ્યાય, સાધુઓંકો...'** એટલે મારા પરમ આનંદના રસને માટે હું ત્રણને વંદન કરું છું, એમ કહે છે. તદ્ ગુણ લબ્ધયે. આવે છે ને? હું મારા નિર્વિકલ્પ આનંદના અનુભવ માટે ત્રણને વંદન કરું છું. છે? **'त्रीन् अपि नत्वा'** શું કરવા? કે **'परमानन्दस्य कारणेन'** એમ. પરમાનંદરૂપી આનંદના રસને લેવા માટે.. આહાહા..! હું ત્રણ આચાર્ય, ઉપાધ્યાય, સાધુને વંદન કરું છું. છે તો વિકલ્પ પણ અંતર સ્વરૂપ તરફનું વલણ છે ને એ પરમાનંદના રસનું વેદન છે. જેમ ઓલી ટીકામાં કહ્યું હતું એવો શબ્દ (છે). આહાહા..!

'અમૃતચંદ્રાચાર્યે' કહ્યું, મને આ ટીકા કરતાં, મારો ભગવાન તો શુદ્ધ ચૈતન્યઘન છે પણ

પર્યાયમાં અશુદ્ધતા અનાદિની છે. મુનિ થયા છે આચાર્ય, એને હજી અશુદ્ધતા તો છે ને. એ અનાદિની અશુદ્ધતા છે. એ અશુદ્ધતા છે, ક્લિષ્ટતા છે, મલિનતા છે. આહાહા..! એ આ ટીકા કરતાં મારી મલિનતાનો નાશ થશો. એનો અર્થ? ટીકાના કાળમાં મારું જોર દ્રવ્ય ઉપર છે. આહાહા..! આ બાયું પાણીની હેલ નથી ઉપાડતા? બે-ત્રણ ઉપાડે. અને રસ્તામાં સખી મળે તો વાતું કરે, ઓલું કરે, પણ બધું લક્ષ ત્યાં છે. વાતું કરે, આમ કહે, કેમ છે, ફલાણું કરે. લક્ષ ત્યાં છે. આહાહા..! એમ ટીકા વખતે પણ લક્ષનું જોર દ્રવ્ય ઉપર છે. આહાહા..! એમ આ નમસ્કાર કરવા વખતે પણ... આહાહા..! એવું આવે છે ક્યાંક, ભજનમાં આવે છે. 'નટવા નટ નાચે...' એવું આવે છે. 'આનંદઘનજી'માં આવે છે.

'**परमानन्दस्य कारणेन**' મારા પરમાનંદના કારણે... આહાહા..! મારો પ્રભુ પરમાનંદનો નાથ પ્રભુ, એના સેવનથી, સમાધિથી ઉત્પન્ન થયેલો પરમાનંદ, એવા પરમાનંદને કારણે હું આચાર્ય, ઉપાધ્યાય, સાધુને નમસ્કાર કરું છું. હવે કોઈ એમાંથી એમ કાઢે કે જુઓ! નમસ્કાર પરને કરે છે માટે પરમાં આનંદ મળે છે. કઈ અપેક્ષા છે? બાપુ!

મુમુક્ષુ :- આ તો પરની જ વાત છે.

ઉત્તર :- એ કઈ અપેક્ષાએ વાત? ટીકા કરનાર 'અમૃતચંદ્રાચાર્ય' પોતે કહે છે કે મેં આ ટીકા કરી જ નથી. હું ટીકામાં આવ્યો નથી. ટીકાનો વિકલ્પ છે ત્યાં પણ હું આવ્યો નથી. હું તો મારા સ્વરૂપમાં છું. આવે છે? આહાહા..! એ રીતે વાત કરીને આ વાત ચાલે છે. આહાહા..! મારા સ્વરૂપમાં રહીને આ વિકલ્પ ઊઠ્યો છે. પણ મારું લક્ષ તો સ્વરૂપની પ્રાપ્તિ વિશેષ થાય એ મારું લક્ષ છે. સમજાણું કાંઈ? અરે અરે..! વાંચનમાં ફેરફાર કરે આડોઅવળો તો બધું ફેરફાર થઈ જાય. માર્ગની રીત છે તે પ્રમાણે હોવું જોઈએ.

એક કોર ભગવાન એમ કહે કે પ્રમાણ પૂજ્ય નથી. કેમકે (તેમાં) પર્યાયનો નિષેધ આવતો નથી. એક કોર ભેદાભેદ રત્નત્રયને પૂજ્ય કહે. એય..! સમજાણું કાંઈ? આરાધક કહ્યું ને? કઈ અપેક્ષાએ? આહાહા..! પરમાત્માના વિરહ પડ્યા, કેવળજ્ઞાનની શક્તિ પ્રગટ કરવાની રહી નહિ. આ બધા ઝઘડા ઊભા થયા. માર્ગ તો આ છે.

મૂળ 'યોગીન્દ્રદેવે' ભેદાભેદરત્નત્રય નથી લીધું પણ એમાં આવી જાય છે. શું? કે હું આ મારા પરમાનંદને કારણે નમસ્કાર કરું છું. વિકલ્પ તો છે. પણ મારું ધ્યેય વિકલ્પ અને પર ઉપર નથી. આહાહા..! સમજાણું કાંઈ? હું આત્મા અખંડ આનંદનો નાથ, શક્કરકંદ જેમ છે. એ શક્કરની એટલે સાકરની મીઠાશનો પિંડ-દળ આખું છે. મારો નાથ પરમ આનંદના દળવાળો આત્મા છે. આહાહા..! એમાંથી પરમાનંદની પ્રાપ્તિ ને કારણે હું વંદન કરું છું. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ભાઈ! આમાં તો જરી ઉંડાણ જોઈ અભ્યાસ જોઈએ થોડો. એમ ને એમ અદ્ધરથી હાલી નીકળે એમ ચાલે એવું નથી અહીં. આહાહા..! ભેદાભેદ શું અને પ્રમાણ શું અને નિશ્ચય શું અને વ્યવહાર શું?

મુમુક્ષુ :- એ તો આવી ગયું. ભેદ કહો કે વ્યવહાર કહો.

ઉત્તર :- એ કહ્યું ને. અભેદ એટલે શું પણ પાછું? સ્વ સ્વભાવનો આશ્રય લઈને જે નિર્મળદશા પ્રગટ થાય તેને અભેદ કહેવામાં આવે છે અને પરના આશ્રયમાં વિકલ્પ ઊઠે એને

વ્યવહાર કહેવામાં આવે છે. પરાશ્રિતો વ્યવહાર, સ્વઆશ્રિતો નિશ્ચય. જુઓને! સિદ્ધાંત તો જુઓ! પણ વ્યવહાર હોય છે અને અહીં વંદન કરવાનો પણ વ્યવહાર હોય છે. ઓલામાં વ્યવહાર હોય છે, ભેદાભેદ રત્નત્રયવાળો હજી. અહીં વંદન કરનારને વિકલ્પ ઊઠ્યો છે. આહાહા..! પણ મારો હેતુ તો પરમાનંદના કારણે છે. આહાહા..! મારે તો સ્વભાવ તરફ ઢળીને વિશેષ પરમાનંદ થાય એ મારો હેતુ છે. આહાહા..! આ વાત ક્યાં છે? દિગંબર સંતો વિના આ વાત ક્યાં છે, બાપા!

'**परमानन्दस्य कारणेन**' આહાહા..! '**तान् अपि**' એટલે તેને '**તીનોં આચાર્ય, ઉપાધ્યાય, સાધુઓંકો ભી મૈં નમસ્કાર કરકે પરમાત્મપ્રકાશકા વ્યાખ્યાન કરતા હૂં.**' લ્યો હવે. સાતમી ગાથા થઈને. સાત સુધી થઈ. આહાહા..! પહેલી ગાથામાં ભૂતકાળના અનંત સિદ્ધોને નમસ્કાર કર્યા. બીજી ગાથામાં ભવિષ્યમાં અનંતા થશે તેને કર્યા. ત્રીજીમાં ભગવાન અરિહંતો બિરાજે છે એને નમસ્કાર કર્યા. ચોથીમાં આત્મામાં નિવાસ છે એને નમસ્કાર કર્યા. આહાહા..! પાંચમી ગાથામાં અરિહંતના જ્ઞાન આદિને નમસ્કાર કર્યા. એમ કર્યું ને? કેવળજ્ઞાનાદિ છઠ્ઠામાં આવ્યું. નિવાસનું પાંચમામાં. ચોથામાં મહામુનિને. ચોથી ગાથામાં મહામુનિ થઈને મોક્ષ પધાર્યા તેને (નમસ્કાર) કર્યો. પાંચમીમાં પોતામાં વાસ છે એને કર્યો. સ્વરૂપનો વાસ છે. લોકાલોકને જાણતા છતાં સ્વરૂપમાં છે. શિખર ઉપર હોવા છતાં.. આહાહા..! છઠ્ઠી ગાથામાં જ્ઞાનની પર્યાય અરિહંતને નમસ્કાર કર્યા. સાતમી ગાથામાં ત્રણ રહી ગયા હતા એને કર્યા. એટલે સિદ્ધ, અરિહંત, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ પાંચેય આવી ગયા. આહાહા..!

હવે નય ઉપાડે છે. જુઓ! ઓલાપણે સુધાર્યું હતું ને અનુપચરિતનું? ઉપચરિત નહિ અનુપચરિત. એ આવ્યું, જુઓ! '**અનુપચરિત અર્થાત્ જો ઉપચરિત નહીં હૈ, ઈસીસે અનાદિ સંબંધ હૈ, પરંતુ અસદ્ભૂત (મિથ્યા) હૈ,...**' જોયું! ત્યાં સંસ્કૃતમાં ઉપચરિત હતું ને? અનુપચરિત જોઈએ. આપણે સુધાર્યું છે.

મુમુક્ષુ :- પહેલીમાં તો અનુપચરિત છે.

ઉત્તર :- અહીં તો ચોખ્ખું છે. આમાં તો અનુપચિરત છે.

'**ઈસીસે અનાદિ સંબંધ હૈ,...**' કોણ? જડ કર્મ. એ તો ચોખ્ખું છે. અસદ્ભૂત છે. જડ કર્મ આત્મામાં નથી. '**ઐસા વ્યવહારનયકર દ્રવ્યકર્મ, નોકર્મકા સંબંધ હોતા હૈ,...**' જુઓ! આવા વ્યવહારથી સંબંધ છે. જૂઠી અસત્ય નયથી. આહાહા..! '**ઉસસે રહિત...**' એનાથી રહિત પરમાત્મા.. આહાહા..! '**ઔર અશુદ્ધ નિશ્ચયનયકર રાગાદિકા સંબંધ હૈ,...**' જુઓ! ત્યાં ટાળવાની અપેક્ષાએ વાત કરી હતી. કર્મકલંક. અહીં સંબંધની અપેક્ષાએ વાત છે. શું કહ્યું સમજાણું? કર્મ ઈંધનને બાળવામાં કર્મ અને ભાવકર્મને બાળવું એ અશુદ્ધનિશ્ચયથી, દ્રવ્યકર્મને અનુપચરિત અસદ્ભૂત વ્યવહારથી બાળવાની વાત કરી હતી. અહીં સંબંધની વાત કરે છે કે જડકર્મનો સંબંધ જીવને અનુપચરિત અસદ્ભૂત વ્યવહારથી છે.

'**ઔર અશુદ્ધ નિશ્ચયનયકર રાગાદિકા સંબંધ હૈ,...**' પુણ્ય અને પાપનો આત્માને

પર્યાયમાં સંબંધ (છે) એ અશુદ્ધ નિશ્ચય(થી છે). કેમકે એની પર્યાયમાં છે. એથી અશુદ્ધ નિશ્ચયનયથી વિકારને અને ભગવાનઆત્માને સંબંધ છે. આહાહા..! ભાષા તો સાદિ આવે છે. જરી પછી મગજ તો દેવું પડે ને એણે. એય..! 'બાબુભાઈ'! કોઈ દિ' ચોપડા ફેરવવા આડે નવરાશ ક્યાં છે? આ બે છોકરા મોટા થયા છે હવે. તોપણ હજી નવરાશ નથી મળી?

મુમુક્ષુ :- હમણાં નવરા પડીને આવ્યા છે.

ઉત્તર :- એ તો હમણા આઠ દિ' આવ્યા હતા. એની મા ગુજરી ગયા. મોટી બા. ત્યાં ગયા તો કહે, મારી મોટી બાને માંગલિક સંભળાવો. ઉપર આવો. પછી ઉપર ગયા હતા. 'બાબુભાઈ' કહે. નહિતર ઉપર મેડીએ ચડતા નથી પણ હવે 'બાબુભાઈ' કહે, મારી મોટી બાને સાંભળવું છે. આહાહા..! એવી વાતું બહારની છે, બાપુ! આ અભ્યાસ જોઈએ, ભાઈ! અરેરે..! જન્મ-મરણ એક ભવમાં અનંત ભવના ચક્રને નાશ કરવો છે. આહાહા..! નહિતર અનંત ભવચક્ર માથે ઊભું છે. અનંત ભવસિંધુ ચક્ર, બાપુ! તને ખબર નથી. આહાહા..! મિથ્યાત્વ છે ત્યાં સુધી અનંત ભવચક્રની ડાંગ માથે ઊભી છે. આહાહા..!

અહીં કહે છે કે કર્મનો જીવને સંબંધ કઈ નયે કહેવો? કે ઉપચાર રહિત નજીક છે તે અનુપચાર વ્યવહારનયથી કહેવાય. આહાહા..! અસદ્ભૂત વ્યવહારથી. આહાહા..!

મુમુક્ષુ :- અનુપચરિતનો અર્થ અનાદિનો છે.

ઉત્તર :- આહાહા..! એ સંબંધ તો એનાદિનો છે ને. અનાદિનો છે. અત્યારે છે કહો કે અનાદિનો છે કહો. આહાહા..!

'**ઉસસે રહિત...**' આત્માની શ્રદ્ધાની વાત કરે છે. '**અશુદ્ધ નિશ્ચયનયકર રાગાદિકા સંબંધ હૈ,...**' આહાહા..! એ વ્યવહારરત્નત્રય અહીં જે કહ્યો ભેદરત્નત્રય, એનો સંબંધ અશુદ્ધનિશ્ચયથી છે. આહાહા..! '**ઉસસે તથા મતિજ્ઞાનાદિ વિભાવગુણકે સંબંધસે રહિત...**' એ મતિજ્ઞાન વિભાવ ગુણનો સંબંધ પણ અશુદ્ધનિશ્ચયથી છે. આહાહા..! બે. '**ઔર નર-નારકાદિ ચતુર્ગતિરૂપ વિભાવપર્યાયોંસે રહિત...**' એ પણ અશુદ્ધનિશ્ચયથી છે. ગતિ છે ને? નર-નારકાદિ ચાર ગતિ. એ વિભાવપર્યાય છે, અશુદ્ધનિશ્ચયથી છે. આહાહા..! ત્રણેયને અશુદ્ધમાં નાખ્યું. પુણ્ય-પાપના ભાવને, મતિજ્ઞાન આદિ વિભાવને અને આ નર-નારકાદિ વ્યંજનપર્યાયને. ઉદયભાવ ગતિનો. અશુદ્ધનિશ્ચયથી. ભાઈ! આ તો ધ્યાન બહુ રાખે તો પકડાય. આ તો... આહાહા..!

મુમુક્ષુ :- અશુદ્ધ નિશ્ચયનય કહો, અસદ્ભૂત વ્યવહારનય કહો પણ જૂઠી કેમ કહો છો?

ઉત્તર :- એ જૂઠી છે. કર્મ જૂઠી છે. અશુદ્ધ નિશ્ચયનય જૂઠી નથી. અશુદ્ધ નિશ્ચય છે એ પર્યાયમાં સત્ છે. અને કર્મ તો અસદ્ભૂત છે. આત્મામાં છે જ નહિ. આહાહા..! આચાર્યોએ કામ કર્યા છે ને! આહાહા..!

મુમુક્ષુ :- લોકોત્તર ..

ઉત્તર :- વસ્તુ એવી છે, બાપા! શું થાય? કેવળજ્ઞાનીની પાટે બેસીને એનો માર્ગ કહેવો, ભાઈ! કરોડોપતિની દુકાને બેસીને ઘાંચી કામ કરે? એનો મુનિમ બીજી જાતનો હોય.

એમ પરમાત્મા ત્રણલોકના નાથ સર્વજ્ઞનો કહેલો માર્ગ, એને કહેનારની બહુ જવાબદારી છે. સમજાણું કાંઈ? એક કાનો માત્ર પણ ફેર પડી જાય તો આખું તત્ત્વ ફરી જાય. અને એ કોને માટે? પોતાને માટે છે કે પરને માટે? આહાહા..! હિત હેતુ. એમ આવ્યું છે. જિના દેશ જાતા, નથી? એમાં છેલ્લું આવ્યું છે.

'જૈનવાણી જૈનવાણી સુન હી જે જીવ, જે આગમ રુચિ ધરે, જે પ્રતીતિ મનમાં આનહી, અવધાર હી જે પુરુષ સમરથ પદ અર્થ જાન હિ. જે હિત હેતુ બનારસી દે હી ધર્મ ઉપદેશ.' હિતહેતુ. આહાહા..! 'તે સબ પાવ હી પરમસુખ તજ સંસારકલેશ.' 'બનારસીદાસ'નું છે. પ્રણવ મંત્ર. 'ૐકાર ધ્વનિ સુણિ અર્થ ગણધર વિચારે.' એ છે આમાં. છે ને? 'મુખ ૐકાર ધ્વનિ સુનિ અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશ ભવિકજીવ સંશય નિવારે.' આહાહા..! ભગવાનના શ્રીમુખે ૐ ધ્વનિ છૂટી. સંતો, ગણધરો, સંતોના નાયક એણે આગમ રચ્યા. અને 'ભવિકજીવ સંશય નિવારે.' એ આગમને સાંભળીને મિથ્યાત્વનો નાશ કરે. એમ કહે છે. આહાહા..! ઓલા કળશમાં નહોતું આવ્યું? કે કર્મના સંગે મરણતુલ્ય થઈ ગયો છે. કળશમાં આવ્યું છે. કળશ. 'કર્મના સંગે...' નથી આવ્યું? જુઓ!

**'જેમ ઢાંકેલો નિધિ પ્રગટ કરવામાં આવે છે એમ ભગવાન નિધિત છે અંદર...'** આહાહા..! પુણ્ય અને પાપની આડમાં એ પ્રભુ ઢંકાઈ ગયો છે. આહાહા..! **'ઢાંકેલો અગ્નિ પ્રગટ કરવામાં આવે છે તેમ જીવદ્રવ્ય પ્રગટ જ છે.'** આહાહા..! નિધિ જેમ પ્રગટ છે એમ ચૈતન્યનિધિ અંદર પ્રગટ છે. આહાહા..! **'પરંતુ કર્મસંયોગથી ઢંકાયેલું હોવાથી...'** કર્મના નિમિત્તના સંગમાં વિકારી પરિણામથી... આહાહા..! મરણને પ્રાપ્ત થઈ રહ્યું હતું. આહાહા..! એટલે કે છે નહિ એમ પ્રાપ્ત થઈ રહ્યું હતું. આહાહા..! એની વર્તમાન પર્યાયના મહાત્મ્યમાં અને પુણ્ય-પાપના મહાત્મ્યમાં એ પ્રભુ છે નહિ એમ થઈ ગયું હતું એને.આહાહા..! ૨૮મા કળશમાં છે. આહાહા..!

ભગવાન નિધાન અંદર પડ્યું છે. ઓલા આવે છે ને શ્વેતાંબરમાં? ઓલા આબુએ નથી ગયા? 'વસ્તુપાલ-તેજપાલ'. 'વસ્તુપાલ-તેજપાલ' હતા શ્વેતાંબર. પૈસા ઘણા. પછી જાત્રા કરવા નીકળ્યા હતા. એ પૈસા ઘણા હતા એને દાટવા ગયા. નળપુરમાં કે એમાં. દાટવા ગયા ત્યાં ચરુ નીકળ્યા. કરોડો રૂપિયાના ચરુ નીકળ્યા. બાયડી-સ્ત્રી કહે છે, શું તમે દાટો છો? પગે પગે નિધાન તમારે અને હવે દાટવા શું કરવું તમારે? બહુ ખર્ચ્યા છે ને આબુમાં? સાડા ત્રણ કરોડનો સ્ત્રીના નામનો ગોખલો બનાવ્યો છે. સાડા ત્રણ કરોડનો. 'વસ્તુપાલ-તેજપાલ.' એમ કહે (છે), આ લક્ષ્મી છે તમારી પાસે, યાત્રા કરવા નીકળ્યા. દાટવા ગયા ત્યાં ચરુ નીકળ્યા. હવે તમારે દાટીને કામ શું છે? આહાહા..!

એમ ભગવાનઆત્મા પુણ્ય-પાપના વિકલ્પમાં દટાઈ ગયો છે. એ પ્રગટ આનંદનો નાથ અંદર પડ્યો છે. આહાહા..! એને હવે ખોલ. કોનાથી? મરણને પ્રાપ્ત થઈ રહ્યો છે. અરે..! છે તે નથી એમ થઈ ગયું હતું. આહાહા..! પૂર્ણાનંદનો નાથ અસ્તિ ધામ પ્રભુ છે એ નથી એમ થઈ ગયું હતું. પરંતુ ભ્રાંતિ, પરમગુરુ શ્રી તીર્થંકરનો ઉપદેશ સાંભળતા મટે છે. સંશય નિવારે

કીધું ને આમાં? જિનાદેશ. ચારે કોરનો મેળ એવો છે ને. આહાહા..! ત્રણલોકના નાથની વાણી, એનો ભાવ જ્યાં કાને પડે છે... સમજાણું કાંઈ? એ સંશય નાશ થઈ જાય છે. એ ત્રિલોકના નાથની વાણીનું નિમિત્ત છે, એમ કહે છે. કારણ કે એની વાણીમાં વીતરાગતા ઉત્પન્ન થાય તે જ વાત ભગવાનની વાણીમાં આવે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં બે વાત કરી કે કર્મનો અને નોકર્મનો સંબંધ અસદ્ભૂત વ્યવહારનયથી અનુપચરિતથી છે. અને રાગનો સંબંધ, પુણ્ય-પાપના વિકલ્પનો સંબંધ આ ભેદરત્નત્રય છે એ પણ વિકલ્પ છે એનો સંબંધ અને મતિજ્ઞાનાદિ વિભાવગુણ, મતિજ્ઞાનાદિ પર્યાય છે એનો પણ સંબંધ. એ કાંઈ કાયમ રહેનારી ચીજ નથી. આહાહા..! મતિજ્ઞાનાદિ વિભાવગુણ એ પર્યાય. એનો સંબંધ અશુદ્ધનિશ્ચયથી છે. આહાહા..! અને નર-નારકાદિ ચતુર્ગતિનો વિભાવપર્યાય એ પણ અશુદ્ધનિશ્ચયથી સંબંધ છે. એનાથી-ત્રણેથી પ્રભુ રહિત છે. કર્મ, નોકર્મથી રહિત, મતિજ્ઞાનાદિ વિભાવપર્યાયથી રહિત, ચાર ગતિની પર્યાયથી રહિત.

'**ઐસા જો ચિદાનંદચિદ્રૂપ...**' જ્ઞાનાનંદ ચિદ્રૂપ. આહાહા..! આવી વાત. '**ચિદાનંદચિદ્રૂપ એક અખંડસ્વભાવ શુદ્ધાત્મતત્ત્વ હૈ વહી સત્ય હૈ.**' આ ભૂતાર્થ લીધો. પાઠમાં ભૂતાર્થ છે. જુઓ! '**शुद्धात्मतत्त्वं तदेव भूतार्थं** ' સંસ્કૃતમાં છે અંદરમાં. ભૂતાર્થ છે. એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠમી લીટી. આઠમી લીટી. બીજે છે. હશે. સમજાણું કાંઈ? શું કહ્યું? આ ભગવાનઆત્માને કર્મ અને શરીરનો (સંબંધ) અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી કહેવામાં આવે છે. એનાથી પ્રભુ રહિત છે. અશુદ્ધ નિશ્ચયથી પુણ્ય-પાપના ભાવનો સંબંધ એ અશુદ્ધનિશ્ચયથી કહેવામાં આવે છે. એનાથી પ્રભુ રહિત છે. અને મતિજ્ઞાનાદિ વિભાવથી રહિત છે અને ચારગતિના વ્યંજન-પર્યાય-ઉદય જે ગતિ. ગતિયોગ, હોં! શરીર નહિ. એનાથી પણ રહિત છે. એ પણ અશુદ્ધનિશ્ચયમાં જાય છે.

હવે શુદ્ધનયનો વિષય. આહાહા..! છે? '**ચિદાનંદચિદ્રૂપ...**' આહાહા..! જ્ઞાનાનંદ જ્ઞાનરૂપ. જ્ઞાનાનંદ જ્ઞાનરૂપ એમ લીધું. ભગવાનઆત્મા જ્ઞાનના આનંદવાળો પ્રભુ જ્ઞાનરૂપ છે. જ્ઞાનના આનંદવાળો પ્રભુ જ્ઞાનરૂપ છે. આહાહા..! આ દુનિયા બહારમાં આનંદ-સુખ શોધે છે ને? વિષયમાં ને ભોગમાં ને પૈસામાં ને ધૂળમાં. મૂઢ છે, કહે છે. આહાહા..! અરે..! પ્રભુ! તું જ્ઞાનાનંદ ચિદ્રૂપ છો ને! આહાહા..! તારામાં આનંદ તો ઠસોઠસ ભર્યો છે. અતીન્દ્રિય આનંદ. આહાહા..!

'**ચિદાનંદચિદ્રૂપ એક અખંડ સ્વભાવ...**' એક અખંડ પર્યાય વિનાની ચીજ આખી. આહાહા..! મતિજ્ઞાનના વિભાવથી રહિત કીધી ને? મતિજ્ઞાન આદિ ચાર જ્ઞાનની પર્યાયને અશુદ્ધનિશ્ચયથી સંબંધ કીધો છે. આહાહા..! સમજાણું? જેમ રાગનો સંબંધ વસ્તુને અશુદ્ધ નિશ્ચયથી છે. એમ મતિજ્ઞાનાદિ પર્યાય જે વિભાવ ચાર જ્ઞાન, હોં! આહાહા..! એ સંબંધ કાયમ રહેતો નથી. એ તો અશુદ્ધ નિશ્ચયનો સંબંધ છે. આહાહા..! એનાથી પ્રભુ અંદર રહિત છે. આહાહા..! ચાર ગતિના ભાવથી પણ પ્રભુ રહિત છે. સંબંધ છે એ ચાર ગતિનો અશુદ્ધ નિશ્ચય છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'ઐસા જો ચિદાનંદચિદ્રૂપ એક અખંડસ્વભાવ શુદ્ધાત્મતત્ત્વ હૈ વહી સત્ય હૈ.'** તે ભૂતાર્થ છે. એ ૧૧મી ગાથાનું. આહાહા..! **'ववहारोऽभूदत्थो'** એમાં આ બધું આવી ગયું. રાગ, મતિ આદિની પર્યાય અને ગતિ એ બધું અભૂતાર્થ છે. ત્યાં અભૂતાર્થ કીધો છે એ ગૌણ કરીને કહ્યો છે. સમજાયું? ત્રિકાળને મુખ્ય કરીને નિશ્ચય કહીને. અહીંયાં પણ ત્રિકાળ ને સત્ય જે વસ્તુ છે, ભૂતાર્થ એ સત્ય છે. એ રાગનો સંબંધ, કર્મનો સંબંધ કે મતિજ્ઞાનનો સંબંધ કે ગતિનો (સંબંધ) એ વિનાની એ ચીજ છે. આહાહા..! અને તે સત્ય છે. આહાહા..! ભૂતાર્થ છે ને? **'तदेव भूतार्थं परमार्थरूपसमयसारशब्द'** આહાહા..!

ભાઈ! આ તો વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા, એની દિવ્યધ્વનિનો સાર છે. આહાહા..! 'નિયમસાર'માં કહ્યું છે ને? ઓહો..! દિવ્યધ્વનિનું સાંભળવું સૌભાગ્ય. સૌભાગ્ય હોય એ જીવને મળે. અને તેપણ દિવ્યધ્વનિ કેવી ત્યાં લખી છે? પરમઆનંદ સંધિ. આનંદસંધિ વાણી, હોં! નિમિત્ત તરીકે. આહાહા..! વાણીને આનંદની દેનારી આનંદસ્વરૂપ કીધી છે. વાચક શબ્દ છે ને એટલે. આનંદને બતાવનારી છે ને? ચિદાનંદ ચિદ્રૂપ પ્રભુ, એને બતાવનારી વાણીને આનંદની દેનારી કીધી છે. આનંદરૂપ કીધી છે. આહાહા..! ઉપચારથી છે. આહાહા..! આવી વાણી ને ઉપદેશ હવે. એમાં વળી એકેન્દ્રિય, બેઇન્દ્રિય તો ક્યાંય રહી ગયું 'ભરતભાઈ'! .. ઈ કરે ને ભક્તિથી ધર્મ થાય, એ બધું ઊડી ગયું આમાં તો.

અહીં તો મતિજ્ઞાનાદિનો સંબંધ છે, સમ્યગ્જ્ઞાન, એનો પણ સંબંધ જીવના ત્રિકાળને અશુદ્ધ નિશ્ચયનયે છે. આહાહા..! સમજાણું કાંઈ? પર્યાય છે ને? વિભાવગુણ કીધા છે એને– મતિજ્ઞાનને. એટલો સંબંધ છે ને કર્મનો એટલો થોડો. આહાહા..! ભગવાનઆત્મા ચિદાનંદ ચિદ્રૂપ, ચિદાનંદ ચિદ્રૂપ એને આ મતિજ્ઞાનનો સંબંધ પણ અશુદ્ધ નિશ્ચયથી છે. કેમકે એ નીકળી જાય અને છૂટી જાય છે. આહાહા..! જુઓ તો આ વાણી! જેવો રાગનો સંબંધ, દયા, દાનના વિકલ્પનો સંબંધ અશુદ્ધ નિશ્ચયથી છે. આહાહા..! મતિજ્ઞાનને શુદ્ધ નિશ્ચયમાં નાખ્યું. આહાહા..! અને ગતિ. ચારેય. આહાહા..!

એવા અશુદ્ધ નિશ્ચયથી રહિત પ્રભુ, ચિદાનંદ ચિદ્રૂપ ભગવાન... આહાહા..! એક અખંડ સ્વભાવ એવું શુદ્ધાત્મતત્ત્વ એ સત્ છે. ઓલું અસત્ કીધું. આહાહા..! સમજાણું કાંઈ? એ કાયમ રહેનારું નહિ માટે અસત્ કીધું. આહાહા..! **'ઉસીકો પરમાર્થરૂપ સમયસાર કહના ચાહિયે.'** આહાહા..! ત્રિકાળ. ત્રિકાળ ભૂતાર્થ પ્રભુ! આહાહા..! અતીન્દ્રિય આનંદના જ્ઞાનવાળું જ્ઞાન કહે છે. આહાહા..! એકલું જ્ઞાન નહિ. જ્ઞાનમાત્ર આત્મા કીધો છે ને? પણ અહીં તો કહે કે જ્ઞાન, જ્ઞાનના આનંદવાળું જ્ઞાન. આહાહા..! એવો જે ત્રિકાળી પ્રભુ તે સત્ય છે. એને પરમાર્થે સમયસાર કહીએ. પર્યાયની વાત નથી આ. ત્રિકાળીને સમયસાર કહીએ. આહાહા..! સમજાય છે કાંઈ? વિકાર રહિત, મતિજ્ઞાનાદિ વિભાવથી રહિત, ચાર ગતિથી રહિત પરમસત્ય તેને સત્ય કહીએ, ભૂતાર્થ કહીએ, એને સમયસાર કહીએ. આહાહા..!

**'વહી સબ પ્રકાર આરાધને યોગ્ય હૈ.'** લ્યો! એ બધે પ્રકારે પ્રભુ ત્રિકાળી આરાધવા યોગ્ય છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)